

સેક્ટર-૬/એ ખાતે આવેલ અંબાજી માતાના મંદિરનો ૧૨મા પાટોત્સવના નિમિત્તે આવતીકાલે યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. જે પ્રસંગે આજરોજ માતાજીનું સેક્ટર-૬ ફરતે માતાજીના રથ સાથે પ્રદક્ષિણા કરવામાં આવી હતી. (તસવીર : કશ્યપ નિમાવત)

# શાક માર્કેટ બહાર અડચણરૂપ મુકાતી લારીઓ પર પોલીસનો સપાટો

## સે-૨૧ માર્કેટમાંથી આજે ૪ લારીઓ ડીટેઈન કરી : ટ્રાફીક વ્યવસ્થા માટે ખુબ જ જરુરી કામગીરી

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેરનાં મુખ્ય ત્રણ શાકમાર્કેટ વિસ્તારમાં ટ્રાફીક જામની સ્થિતિ ગંભીર બની છે. ત્યારે આ સ્થળે ટ્રાફીક વ્યવસ્થાપન માટે પોલીસ હરકતમાં આવી છે. આડેધડ પાર્ક તથા વાહનો ડિટેઈન કરવાની કામગીરીની સાથે સાથે અડચણરૂપ લારીઓ અને પાથરણાઓ પર પણ પોલીસે સપાટો બોલાવ્યો છે. આજે પોલીસે સે-૨૧ શાકમાર્કેટ બહાર અડચણરૂપ મુકેલી ચાર લારીઓને ડીટેઈન કરી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

સેકટર-૨૧ અને ૨૪ તથા સે-૭ શાક માર્કેટ વિસ્તારમાં આડેધડ વાહન પાર્કીંગ અને અડચણરૂપ પાથરણા તથા લારીઓને પગલે ટ્રાફીકની સ્થિતિ તે વિસ્તારમાં ખુબ જ વકરી ગઈ છે જેને ધ્યાને રાખીને એસ.પી.ની સુચનાથી આડેધ પાર્ક થતા વાહનો ટૉ કરી ડીટેઈન કરવાની કામગીરી શરુ કરી દેવામાં આવી છે તે ઉપરાંત અડચણરૂપ મન ફાવે ત્યાં લારીઓ મુકી દઈ ટ્રાફીકને નૌતરૂ આપતા લારી ધારકો પર પણ પોલીસે આજે સપાટો બોલાવ્યો હતો. સે-૨૧ પોલીસે સે-૨૧ શાકમાર્કેટ બહાર અડચણરૂપ ઉભી રહેલ શાકભાજીની અને કટલરીની તથા ફ્રુટની મળીને ચાર લારીઓ ડીટેઈન કરી લઈ કાયદેસરની કાર્યવાહી કરી હતી. આ ઝુંબેશ સતત ચાલુ રાખવામાં આવશે.

# આજે અખાત્રીજ લગ્નસરા માટે એસ.ટી.એ ૮ બસો ફાળવી

## રાધનપુરના કૃષિ મહોત્સવમાં પણ ૫ એસ.ટી. બસો દોડશે

ગાંધીનગર, તા. ૧૨

આજે અખાત્રીજ આ દિવસે વણજોયુ મુહૂર્ત સારૂ હોય છે. માટે જ અખાત્રીજના દિવસે કોઈપણ શુભકામ કરવા માટે ઉત્તમ માનવામાં આવે છે. આ દિવસે ખરીદી ઉપરાંત લગ્ન સહિતના શુભકાર્યો પણ વિશેષરૂપે થતા હોય છે. અખાત્રીજના દિવસે શહેરમાં લગ્નસરાની મૌસમ પણ નિખરશે. એસ.ટી. તંત્ર દ્વારા પણ લગ્નવિધિ માટે ૭ જેટલી બસો ફાળવવામાં આવી છે.

ભારતીય સંસ્કૃતિમાં સારા દિવસ અને ચોઘડીયાનું વિશેષ મહત્વ હોય છે. સામાન્ય રીતે નવી ખરીદી ઉપરાંત શુભ પ્રસંગોમાં શુભમુહૂર્ત મુખ્ય બાબત બની રહે છે. ત્યારે તહેવારના દિવસો ઉપરાંત અખાત્રીજ અને અષાઢી બીજ સહિતના સમયને પણ વિશેષ રીતે શુભ માનવામાં આવે છે. અખાત્રીજના દિવસે પણ શહેરમાં લગ્નસરાની સીઝન પણ નિખરતી હોવાથી આ નિમિત્તે લગ્ન મહોત્સવ પણ વિશેષ રીતે યોજવામાં આવતા હોય છે. આ વખતે પણ આક્રમક ગરમીની અસર વચ્ચે શહેરમાં લગ્નમહોત્સવનો દબદબો યથાવત છે. માત્ર અખાત્રીજના દિવસે જ લગ્નવર્ધી માટે ૭ જેટલી બસો ફાળવવામાં આવી છે. એસ.ટી. તંત્રના જણાવ્યા અનુસાર ૧૩ મે નારોજ લગ્નવર્ધી માટે ૭ બસો ફાળવવામાં આવી છે. જ્યારે રાધનપુરમાં યોજાનારા કૃષિ મહોત્સવને અનુલક્ષીને પણ એસ.ટી. ડેપો દ્વારા જરૂરી બસો મુકવામાં આવી છે. કૃષિ મહોત્સવ માટે ૫ બસો ફાળવવામાં આવી છે. ડેપોના સૂત્રોના જણાવ્યા અનુસાર એક રૂટ પર એકથી વધુ બસ હોય તેમાંથી બસ વિશેષ આયોજન માટે ફાળવવામાં આવી છે. જેથી મુસાફરોને પણ કોઈ હાલાકી વેઠવી પડશે નહી.

# પરશુરામ જયંતિએ પંચદેવ મંદિરમાં ભક્તિમય કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૨

પરશુરામ જયંતિ નિમિત્તે ભગવાન પરશુરામની મૂર્તિની ભક્તિમય વાતાવરણમાં પૂજન વિધિ કરવામાં આવી હતી.

ગાંધીનગરના પંચદેવ મંદિરે ભગવાન પરશુરામની મૂર્તિનું પૂજન પરશુરામ ફાઉન્ડેશન અને બ્રહ્મસેના દ્વારા કરવામાં આવ્યું હતું. ભગવાન પરશુરામની અસીમ કૃપા બ્રહ્મ સમાજ તથા સમગ્ર મનુષ્યો પર હંમેશા રહે તેમ એક અખબારી યાદીમાં બ્રહ્મસેનનાં ગાંધીનગર જિલ્લા પ્રમુખ અને પરશુરામ ફાઉન્ડેશનનાં ટ્રસ્ટીગણ દ્વારા જણાવાયું છે.

# નંબર પ્લેટ વગર ફરતાં વાહનો પર પોલીસની તવાઈ

## ગાંધીનગર જિલ્લામાં ડી.જી.ના હુકમથી ઝુંબેશ શરુ કરી દેવાઈ : દરેક સર્કલે ચેકીંગ શરુ

ગાંધીનગર, તા.૧૨

સુરક્ષા વ્યવસ્થાના હેતુસર રાજયના પોલીસ વડાએ નંબર પ્લેટ વગરના વાહનોને પકડવા આપેલી સુચના અનુસંધાને ગાંધીનગર જિલ્લા પોલીસ વડાએ તાત્કાલિક અસરથી દરેક મોટા સર્કલો અને પ્રવેશદ્વારો પર પોલીસ મુકીને નંબર પ્લેટ વિનાનાં વાહનો પકડવા તમામ પોલીસ મથકના અમલદારોને સુચના આપતા ગઈકાલ સાંજથી ઝુંબેશ શરુ કરી દેવામાં આવી છે અને નંબર પ્લેટ વગર ફરતા વાહચાલકોના વાહનો કબ્જે લઈ માલિક વિરુધ્ધ કાર્યવાહી શરુ કરી છે.

ગુનાખોરીમાં પ્રિવેન્શન અને ડીટેકશન ને પગલે રાજયના પોલીસ વડાએ નંબર પ્લેટ વગર ફરતાં વાહનો અને બ્લેક ફિલ્મ પટ્ટી સાથે ફરતી ગાડીઓ પકડવા સુચના આપી છે. જેના ભાગરુપે જિલ્લા પોલિસ વડાની સુચનાથી ગાંધીનગર જિલ્લામાં સઘન ચેકીંગ શરુ કરી દઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. ગાંધીનગરના તમામ પ્રવેશદ્વારો સહિત મોટા મોટા સર્કલો પર પોલીસ ઉભી કરી દેવામાં આવી છે. અને નંબર પ્લેટ વગર જતાં વાહનો પકડી તેના ચાલક વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી શરુ કરવામાં આવી છે. તે ઉપરાંત ફિલ્મ પટ્ટી વાળી કાર પકડીને તેને ડીટેઈન કરી તેના માલિક વિરુધ્ધ કડક કાર્યવાહી પણ શરુ કરવામાં આવી છે.

# માધ્યમિક શિક્ષણ બોર્ડની ચૂંટણી ૨૦ જુલાઈના રોજ યોજાશે

ગાંધીનગર, તા. ૧૨

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડની ચૂંટણી માટેનું જાહેરનામું પ્રગટ થતાં જ શિક્ષણ જગતમાં આ ચૂંટણી માટેના ચક્રો ગતિમાન થઈ જવા પામ્યા છે. શિક્ષણ જગતમાં ભારે ઉત્તેજનાસભર બનતી આ ચૂંટણી આમ તો ૨૦-૭-૨૦૧૩ના રોજ યોજાશે. જ્યારે તેની મતગણતરી ૨૩-૭-૨૦૧૩ના રોજ ગાંધીનગર ખાતે હાથ ધરવામાં આવશે.

માધ્યમિક શિક્ષણ બોર્ડની આ ચૂંટણી માટેનું જાહેરનામુ ૯મી મેના રોજ પ્રસિદ્ધ થતાં જ ચૂંટણી રસિયાઓ મેદાનમાં આવી ગયા છે. આ ચૂંટણી માટેના ઉમેદવારી પત્રો ૧લી જૂનથી દરેક જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીએથી ઉપલબ્ધ થશે અને ૧૫-૬-૨૦૧૩ સુધીમાં તે ભરીને રજુ કરી દેવાના રહેશે.

આ ઉમેદવારી પત્રોની ચકાસણી ૧૬મી જૂને હાથ ધરાશે અને ઉમેદવારી પત્ર પાછા ખેંચવાની અંતિમ તારીખ ૧૯ જૂન નિયત કરવામાં આવી છે.

આ ચૂંટણીમાં ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષકોની ૩ બેઠકો, સંચાલક મંડળની ૪ બેઠકો, વાલીમંડળની ૩ બેઠકો, આચાર્ય મંડળની ૫ બેઠકો તેમજ માધ્યમિક વિભાગના શિક્ષકોની પાંચ બેઠકો અને બિન શૈક્ષણિક કર્મચારીઓની બેઠકની ચૂંટણીને લઈ શિક્ષણજગતમાં ભારે ઉત્તેજનાઓ પ્રવર્તી રહી છે.

આ માટે મતદાર યાદીની પ્રસિદ્ધિ કરી દેવામાં આવી છે. આ ચૂંટણીની જાહેરાતને પગલે રાજકીય ઉત્તેજનાઓ પણ વધી જવા પામી છે. રાજકીય પક્ષો આડકતરી રીતે આ ચૂંટણી સાથે સંકળાતા હોય આ વખતનો જંગ રસાકસી પૂર્ણ બનશે તેમ મનાઈ રહ્યું છે.

આ ચૂંટણી માટે બોર્ડે પહેલીવાર ફોટાવાળી મતદારયાદી તૈયાર કરી છે. બોર્ડે આ વખતની ચૂંટણીમાં મતદારોના નામ પણ આખા પ્રસિદ્ધ કરવાનો નિર્ણય કર્યો હોવાથી જરૂરી સુધારા વધારા પણ તાત્કાલિક જણાવી દેવા જણાવાયું છે.

# ગુજરાત એકસ. એમ.એલ.એ. કાઉન્સિલની બેઠક મળી

ગાંધીનગર, તા.૧૨

ગુજરાત એકસ એમ.એલ.એ. કાઉન્સિલની સામાન્ય કારોબારીની બેઠક તાજેતરમાં સરકીટ હાઉસ ગાંધીનગર ખાતે શંકરલાલ ગુરુના અધ્યક્ષ સ્થાને મળી હતી.

સામાન્ય કારોબારીની બેઠકમાં ચર્ચા દરમિયાન સભ્યોએ એવી લાગણી વ્યકત કરી હતી કે ગુજરાતના ૩૯૦૦ ગામો અછતગ્રસ્ત જાહેર થયા છે. તેઓને પાણીની સુવિધા સરકારે પૂરી પાડવી જોઈએ.

ભારત સરકાર તરફથી અછત રાહત કોન્ટ્રીબ્યુશન ફંડ મેળવવા પણ સરકારને અનુરોધ કર્યો હતો. કચ્છને અસરગ્રસ્તમાં લીધુ નથી તેને અછતગ્રસ્તમાં સમાવેશ કરવો જોઈએ તેવું સૂચન પણ કર્યું હતું. કેનાલોનું બાકી કામ પૂર્ણ થાય જેથી કૃષિ ઉત્પાદનમાં વધારો થાય તેવું ઉપસ્થિત રહેલા સભ્યોએ સૂચવ્યું હતું. દેશના બીજા રાજયોની સરખામણીમાં ગુજરાતના માજી ધારાસભ્યોને માનમોભા સાથે સગવડો આપવી જોઈએ તે માટે વિચરણા કરવામાં આવી. બેઠકમાં અનિલભાઈ પટેલ, પુષ્પદાન ગઢવી, સુનિલભાઈ ઓઝા, સી.ડી. પટેલ, કાંતિભાઈ તડવી, શંકરભાઈ રાઠવા, લાલસિંહ વડાદીયા ખાસ ઉપસ્થિત રહ્યા હતાં.

# ટ્વેન્ટી ટ્વેન્ટી મેચમાં સમાજ કલ્યાણ ખાતાની ટીમનો વિજય

## એક જ ઓવરમાં છ વિકેટ લેવાનો રેકોર્ડ

ગાંધીનગર હેલિપેડ મેદાનમાં તાજેતરમાં સ્વ. ફકીરભાઈ વાઘેલા શ્રદ્ધાંજલિ મેચ યોજાઈ હતી. છત્રપતિ સી.સી. અને સચિન ઈલેવન વચ્ચેની ટ્વેન્ટી ટ્વેન્ટી મેચમાં સમાજ કલ્યાણ ખાતાની ટીમ સચિન ઈલેવને ૪ ઓવરમાં ૨૨ રન બનાવી મેચ જીતી લીધી હતી. છત્રપતિ સી.સી. અને સચિન ઈલેવન વચ્ચેની ટ્વેન્ટી ટ્વેન્ટી મેચમાં સમાજ કલ્યાણ ખાતાના ફાસ્ટ બોલર શૈલેષ દત્રે એક જ ઓવરમાં છત્રપતિ સી.સી. ટીમના છ ખેલાડીઓની વિકેટો



લઈ સ્થાનિક ક્રિકેટનો રેકોર્ડ બનાવ્યો હતો એક જ ઓવરમાં છત્રપતિ સી.સી. ટીમના દિપેન શર્મા, વિજય અવધડે, સંજય ઠક્કર, મુકુંદ સોલંકી, અરવિંદ સોલંકી અને મેહુલ પરમારની છ બોલમાં છ વિકેટો લીધી હતી. છત્રપતિ સી.સી.ની ટીમે છ ઓવરમાં ૨૧ રન બનાવી ઓલ આઉટ થઈ હતી જેના જવાબમાં સચિન ઈલેવન ટીમે ચાર ઓવરમાં ૨૨ રન બનાવી મેચ જીતી લીધી હતી. શૈલેષ દત્તને મેન ઓફ ધી મેચ જાહેર કરવામાં આવ્યો હતો.

# વૃક્ષોની છાલ કાઢતા ઈસમો સામે પ્રકૃતિપ્રેમીજનો નારાજ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૩ની લગ્નવાડીની સામે તથા અરવિંદ કેન્દ્રની બાજુમાં એક એકરથી મોટા એવા ૩ થી ૪ પ્લોટમાં લીમડાના વૃક્ષો વાવેલા છે. આ વૃક્ષોનું પહેલા જતન નિયમિત થતુ હતું પરંતુ હમણાં કેટલાક સમયથી આ વિસ્તારના લીમડાઓની ખાલ (ચામડી) કોઈ અજાણ્યા સખ્સો દ્વારા કાઢી નાખવામાં આવી રહી છે. એમ સ્થાનિક અગ્રણી ડાહ્યાભાઈ પટેલે જણાવ્યું છે.

લગ્નવાડી સામેના પ્લોટમાં લગભગ ૩૦ જેટલા લીમડાના ઝાડની ખાલ ઉતારી નંખાઈ છે. પ્લોટમાં લગભગ ૨૦૦ લીમડા છે. અરવિંદ કેન્દ્રની બાજુમાં આવેલા પ્લોટમાં ચોકીદાર રહે છે તેને પૂછતાં તેણે જણાવ્યું કે સેકટર-૨૪ બાજુના પ્લોટમાં રહેતો ભરવાડ રાત્રે ઢોર છોડી મુકે છે અને તેથી આવું થયું છે. ચોકીદારના ઝુંપડાને અડીને આવેલા ૪ થી ૫ લીમડાના ખાલ પણ ઉતારી નંખાઈ છે.

વૃક્ષોનું વાવેતર કરતા વૃક્ષ પ્રેમીઓ માટે તથા પ્રકૃતિપ્રેમી અને પર્યાવરણ પ્રેમીઓ માટે આ ચિંતાનો વિષય છે. માનવ માત્ર વૃક્ષારોપણ અભિયાન દ્વારા વૃક્ષોની વાવણી અને તેના જતનની ટેક કે પ્રતિજ્ઞા લે છે ત્યારે પાટનગરના જ વૃક્ષોની કાપણી થાય કે તેની છાલ કાઢી નંખાય, તેની માવજત ન લેવાય તે કેટલા અંશે યોગ્ય ગણાય !!!

વન વિભાગ માટે આ ચિંતાનો વિષય છે.

# ફતેપુરાના મકાનમાંથી દારૂ બિયરનો જથ્થો ઝડપાયો

## પેથાપુર પોલીસે બપોરે દરોડો પાડી ૧૨ બીયરના ટીન અને ૩ દારૂની બોટલ કબ્જે કરી : બુટલેગર ફરાર

ગાંધીનગર, તા. ૧૨

પેથાપુર પાસે આવેલા ફતેપુરા વિસ્તારમાં એક મકાનમાં દારૂ-બિયરનો વેપલો ચાલતો હોવાની બાતમીને આધારે પેથાપુર પોલીસે આજે બપોરે દરોડો પાડ્યો હતો. મકાનમાં બુટલેગર ન હતો. તપાસ કરતાં તેમાંથી ૩ નંગ વિદેશી દારૂની બોટલ અને ૧૨ નંગ બિયરના ટીન મળી આવ્યા હતા. પોલીસે દારૂ-બિયરનો જથ્થો કબ્જે કરીને ફરાર બુટલેગરની શોધખોળ શરૂ કરી છે.

પેથાપુર પી.એસ.આઈ. ઓ.એમ. દેસાઈને આજે બપોરના સુમારે બાતમી મળી હતી કે ફતેપુરા વિસ્તારમાં રહેતા પ્રકાશ સોમાજી ઠાકોર નામના શખ્સને ઘરે દારૂ-બિયરનો વેપાર ચાલે છે. જે બાતમીનો આધારે પેથાપુર પીએસઆઈ તેમની ટીમ સાથે બાતમીવાળા સ્થળે પહોંચી ગયા હતા. પેથાપુર પોલીસની ટીમે દરોડો પાડીને મકાનમાંથી ૩ વિદેશી દારૂની બોટલ અને ૧૨ નંગ બિયરના ટીન કબ્જે કર્યા છે. દારૂ-બિયરનો વેપલો કરતો શખ્સ પ્રકાશ ઠાકોર દરોડા સમયે ઘરે હાજર ન હતો. પેથાપુર પોલીસે તેની વિરૂદ્ધ ગુનો દાખલ કરીને રૂ. ૨૪૦૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી શોધખોળ શરૂ કરી દીધી છે.

# તપોધન બ્રાહ્મણ સમાજનો ૨૨મો સમૂહ લગ્નોત્સવ કડા મુકામે યોજાયો

કડા, તા. ૧૨

વિસનગર તાલુકાના કડા મુકામે તપોધન બ્રાહ્મણ સમાજનો ૨૨મો સમૂહ લગ્નોત્સવ અને ઉપનયન સંસ્કાર વિધિ તાજેતરમાં યોજાઈ ગઈ. સમૂહ લગ્નોત્સવમાં ૩૩ નવદંપતિઓએ પ્રભુતામાં પગલા પાડ્યા અને ૫૮ બટુકોએ પવિત્ર જનોઈ ધારણ કરી હતી. સમગ્ર કાર્યક્રમમાં ૧૫૦૦૦ થી પણ વધારે બ્રાહ્મણ પરિવારો ઉપસ્થિત રહ્યા હતા.

બાવીસી ગામ તપોધન બ્રાહ્મણ સમાજનો ૨૨મો સમૂહલગ્ન અને યજ્ઞોપવિત સમારોહ વૈશાખ સુદ-૨ રવિવારના રોજ વિસનગર તાલુકાના કડા મુકામે ધામધૂમથી યોજાયો હતો. જેમાં ૨૨ નવ દંપત્તિઓએ પ્રભુતામાં પગલા પાડ્યા હતા જ્યારે ૫૮ બટુકોએ જનોઈ ધારણ કરી હતી.

બાવીસી ગામ તપોધન બ્રાહ્મણ સમાજના સાનિધ્યમાં શિવશક્તિ સેવા મંડળ ટ્રસ્ટ આયોજીત ૨૨માં સમૂહલગ્નોત્સવ કડા મુકામે યોજાયો હતો. જેમાં તપોધન રાવલ સમાજના ૩૩ નવ દંપતિઓએ ધાર્મિક મંત્રવિધિ પ્રમાણે સમાજની આક્ષીએ પ્રભુતામાં પગલા પાડ્યા હતા અને સમાજના તથા વડીલોના આશીર્વાદ લઈને નવા જીવનની શરૂઆત કરી હતી. જ્યારે સાથે-સાથે યજ્ઞો પવિત સમારોહ પણ યોજાયો હતો. જેમાં રાવલ સમાજના ૫૮ બટુકોએ પણ યજ્ઞસૂર્યની સાક્ષીમાં પવિત્ર જનોઈ ધારણ કરી હતી અને માતા-પિતા, ગુરૂના આશીર્વાદ લીધા હતા. જ્યારે સમૂહલગ્નમાં સમાજના વિવિધ ગામોમાંથી વર, કન્યા અને યજ્ઞોપવિતમાં બટુકો આવ્યા હતા. તપોધન બ્રાહ્મણ સમાજના શિવશક્તિ સેવા મંડળ ટ્રસ્ટ દ્વારા આયોજીત ૨૨મો સમૂહ લગ્નોત્સવ ખુબજ ધામધૂમથી કડા મુકામે યોજાયો હતો. જેમાં કડા ગામ તથા આજુબાજુમાંથી સમાજમાં સેવા માટે દોડી આવ્યા હતા. સમાજનમાં કડા ગામનું નામ મોખરે કર્યું હતું. જ્યારે પ્રમુખ, મંત્રી વગેરે કડાના યુવાનો અને આયોજકોનો આભાર માન્યો હતો.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૧

સૂર્યાસ્ત : ૬.૫૯

## તાપમાન

મહત્તમ : ૪૦.૮ ડિ.સે.

લઘુત્તમ : ૨૭.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૧ ટકા ● સાંજે ૨૬ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

સ્ટાર ટ્રેક ઈનટુ ડાર્કનેસ (૩ડી) (અંગ્રેજી) : ૯.૧૫, ૫.૦૦, ૧૦.૧૫

છોટા ભીમ : ૧૨.૦૦

આઈરોન મેન (૩ડી) (હિન્દી) : ૨.૧૫

બોમ્બે ટોકીસ : ૭.૪૫

: સ્ક્રીન-૨ :

ગો ગોઆ ગોને : ૯.૧૫, ૧૧.૩૦, ૧.૪૫, ૪.૦૦, ૬.૧૫, ૮.૩૦, ૧૦.૪૦

: સ્ક્રીન-૩ :

ગીપ્પી : ૯.૩૦, ૧.૩૦, ૬.૦૦

આશિકી-૨ : ૧૧.૦૦, ૩.૩૦, ૬.૦૦

: સ્ક્રીન-૪ :

શૂટઆઉટ એટ વડાલા : ૧૦.૧૫, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

### સૂર્યા, વાવોલ

શૂટઆઉટ એટ વડાલા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

શક્તિ ધ પાવર : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

ગો ગોઆ ગોને : ૧૦.૩૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

આશિકી-૨ : ૯.૩૦, ૨.૪૫, ૮.૦૦

શૂટઆઉટ એટ વડાલા : ૧૨.૦૦, ૫.૧૫, ૧૦.૩૦

: સ્ક્રીન-૩ :

ફોર ટુ કા વન : ૧૦.૦૦, ૫.૦૦

ગીપ્પી : ૧૨.૦૦, ૩.૦૦, ૭.૩૦

### ચિરાગ, કલોલ

આશિકી-૨ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : આર્થિક સ્થિતિમાં સારી તકો આવવાની શકયતા છે. સામાજિક કાર્યોમાં સક્રિયા ભાગીદારી રહેશે. કાર્યની ગતિમાં વધારો થઈ શકશે. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે. જે તમારી હિતચિંતક બની રહેશે.

**વૃષભ** : વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટીલ કાર્યનો ઉકેલ આવી શકે. આરોગ્ય અનુકૂળ રહેશે. કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું.

**મિથુન** : કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધ થશે. શુભ સમાચાર પ્રાપ્ત થઈ શકશે. માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવનાઓ રહેલી છે.

**કર્ક** : વિદ્યાર્થીઓએ શિક્ષા પર પર્યાપ્ત ધ્યાન આપવું પડશે. નવીન કાર્ય કરવાની તકમાં વધારો થશે. પ્રેમ સંબંધમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. દિવસ દરમ્યાન વ્યસ્તતા વધશે. કૌટુંબિક જીવનમાં સાથ સહકાર મળી રહેશે.

**સિંહ** : આર્થિક લાભનાં સ્ત્રોતોથી સંબંધી સમસ્યઓ છતાં કાર્યમાં પ્રગતિ જણાશે. વ્યાપાર- વ્યવસાયમાં સમસ્યાઓ હોવા છતાં કાર્ય પાર પડી શકશે. કુટુંબનું વાતાવરણ નિરાશાજનક રહેવાથી ઉત્સાહ ઘટી શકે છે. વધુ ખર્ચ ન કરવો.

**કન્યા** : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ છે. માન-સન્માન પ્રાપ્ત થશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન થઈ શકશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થશે.

**તુલા** : બુદ્ધિનો ઉપયોગથી કાર્યમાં વૃદ્ધિ થશે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થઈ શકશે. આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. પ્રયત્નોનો ફળ તરત પ્રાપ્ત થઈ શકે છે.

**વૃશ્ચિક** : માનસિક શાંતિ જાળવી રાખવી. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યપારા પ્રગતિકારક બની રહેશે. સાહસનો લાભ પ્રાપ્ત થઈ શકશએ. સંતાનના આરોગ્ય સંબંધી ચિંતા દૂર થશે. સત્સંગ થશે.

**ધન** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. નવા સંબંધ બની શકશે. આજે અટકેલા કાર્ય સમય પર પૂરા થઈ શકશે. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ મળી શકશે. વાદ-વિવાદથી દૂર રહેવું જોઈએ.

**મકર** : સામાજિક ક્ષેત્રોમાં લાભ મળી શકશે. શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોના સંબંધમાં આયોજન થઈ શકે છે. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે.

**કુંભ** : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. વિવાદિત કાર્યોને પૂર્ણ કરવા માટે અત્યંત શુભ સમય છે. શિક્ષા સંબંધી ઉપલબ્ધિદાય યોગ બની રહ્યો છે.

**મીન** : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ છે. સામાજિક અને રાજકીયક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ પ્રાપ્તી થઈ શકે છે. વિરોધી હેરાન કરી શકે છે. ઘરમાં મહેમાન આવશે. છે. શિક્ષા, મિત્રવર્ગ સંબંધી શોધકાર્યમાં સમય પસાર થશે.